# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## અખબાર યાદી

### છેલ્લી તક

CBCS અંતર્ગત એકેડેમીક વર્ષ ૨૦૧૦-૧૧ થી ૨૦૧૩-૧૪માં પ્રવેશ મેળવેલ હતો તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા યુનિવર્સિટીનાં સિન્ડિકેટ ઠરાવ મુજબ બંધ કરવામાં આવેલ હતી. જેને તારીખ: ૨૦/૦૪/૨૦૨૨ની મળેલ સિન્ડિકેટ સભામાં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે. **"એકેડેમિક વર્ષ ૨૦૧૪ના સ્થાને CBCS સીસ્ટમ અમલમાં આવી ત્યારથી પરીક્ષા અંગે ખાસ કિસ્સા તરીકેની છેલ્લી તક આપવાનું ઠરાવવામાં આવે છે."**

આમ ઉપરોક્ત થયેલ સિન્ડિકેટના ઠરાવ અનુસાર, સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓ CBCS અંતર્ગત એકેડેમીક વર્ષ ૨૦૧૦-૧૧ થી ૨૦૧૩-૧૪માં પ્રવેશ મેળવેલ છે. (ગ્રેડ વાળી માર્કશીટ ધરાવતા) તેવા વિદ્યાર્થીઓની યુનિવર્સિટી પરીક્ષાનું આયોજન **તારીખ: ૨૨/૦૯/૨૦૨૨**થી શરૂ કરવામાં આવનાર છે. **જે તેઓની અંતિમ તક રહેશે.** તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા માટેના આવેદનપત્રો (પરીક્ષા ફોર્મ) **તારીખ: ૨૫/૦૮/૨૦૨૨** સુધીમાં કોલેજમાં સમયસર જમા કરાવવાના રહેશે. **ત્યારબાદ કોઇ વધારાની તક આપવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.**

તદ્ઉપરાંત એકેડેમીક વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીઓ કે જેઓ (Old Course**ના ૦૧ કોડથી શરૂ થતા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ હોય**) તેવા વિદ્યાર્થીઓની પરીક્ષાનું આયોજન પણ **તારીખ: ૨૨/૦૯/૨૦૨૨**થી શરૂ કરવામાં આવનાર છે. તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધકર્તા કોલેજનો સંપર્ક કરી પરીક્ષા માટેના આવેદનપત્રો (પરીક્ષા ફોર્મ) ભરી **તારીખ: ૨૫/૦૮/૨૦૨૨** સુધીમાં કોલેજમાં સમયસર જમા કરાવવાના રહેશે.

નંબર: ઈ-૩/ ૧૪૧૯
તારીખ: ૨૦/૦૭/૨૦૨૨
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ
20/7/22